# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪ સદ્‌વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સ્વરાજ की शाला - शिशुविहार स्थापना १९३९ २०२१-२०२२ स्वातंत्र्य - अमृत महोत्सव

સળંગ અંક : ૯૨૮ • ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૨ • પાના : ૩૨ • વાર્ષિક લવાજમ રૂ.૫૦

## શિશુવિહાર પ્રાંગણમાં રાષ્ટ્રીય વંદનાની ઉત્સાહભેર ઉજવણી



૧૯૪૭, રાત્રીનાં ૧૨ વાગે જે ધ્વજભૂમિ ઉપર સ્વાતંત્ર્ય વંદના થઈ હતી, તે ભૂમિ ઉપર સતત ૭૬મા વરસે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવાયો.

જાણીતા માનવતાવાદી શ્રી દોલતભાઈ કાણકિયાની અધ્યક્ષતામાં યોજાયેલ રાષ્ટ્રવંદના અર્થે ક્રીડાંગણના તાલીમાર્થીઓની બેન્ડ સલામી સાથે સ્વાતંત્ર્ય અમૃત મહોત્સવે સંસ્થાએ યોજેલ, ૩૭૫થી વધુ પ્રવૃત્તિઓમાં સહભાગી થયેલ, ૧,૭૫,૦૦૦ નાગરિકોના દસ્તાવેજનું પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવેલ, ઉપરાંત સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત પ્લાસ્ટિકનાં બદલે ૭૫ હજાર કાપડની થેલીઓ તૈયાર કરાવનાર સંસ્થાનાં કાર્યકર શ્રી દક્ષાબહેન ગોહેલનું વિશેષ અભિવાદન કરવામાં આવ્યું. શિશુવિહાર સંસ્થાના અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઈ દવે, સંસ્થાનાં મંત્રી

તંત્રી, પ્રકાશક, મુદ્રકઃ ડૉ. નાનકભાઈ ભટ્ટ




❀ પ્રકાશન સ્થળ ❀

શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧

Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com

Facebook: Shishuvihar Bhavnagar Phone: (0278)2512850

## સ્વાતંત્ર્યપર્વે અભિવાદન



'વિજય વિશ્વ તિરંગા પ્યારા..' ગાન



પુસ્તિકા વિમોચન 'અમૃતપર્વ'



અભિવાદન: શ્રી દક્ષાબહેન ગોહેલ



અભિવાદન: શ્રી પ્રીતિબહેન ભટ્ટ



રાજ્યપાલ પુરસ્કાર સ્કાઉટ



અભિવાદન: શ્રી નટરાજ કલા સંસ્થા



સાધન સહાય
શ્રી લોકવિદ્યા મંદિર, થોરડી



સાધન સહાય
શ્રી લોકસેવા ટ્રસ્ટ, વળાવડ

શ્રી ઈન્દાબહેન ભટ્ટ અને ટ્રસ્ટીશ્રી શબનમબહેન કપાસીનાં વરદ હસ્તે ૧૫ શ્રમિક બહેનોને શ્રી શારદાબહેન ધીરજલાલ દેસાઈ પરિવાર તરફથી સીવણ સંચા અર્પણ થયા હતા. સાથોસાથ શહેરના સાંસ્કૃતિક વારસાનું જતન કરતી ૫૦થી વધુ સ્વૈચ્છિક સંસ્થાઓનું વિશેષ અભિવાદન કરાયું હતું. આ પ્રસંગે સંસ્થા ક્રીડાંગણની વિવિધ તાલીમોમાં ઉત્તમ દેખાવ કરનાર ૧૨ વિદ્યાર્થીઓ તેમ જ સ્કાઉટ તાલીમ દ્વારા રાજ્યપાલ પુરસ્કૃત ૧૨ તાલીમાર્થીનું ઉપસ્થિત મહાનુભાવોના વરદ્‌હસ્તે અભિવાદન થયું હતું.

સ્વાતંત્ર્યપર્વ પ્રસંગે નમતી સાંજે ક્રીડાંગણનાં વિદ્યાર્થીઓ તેમજ વર્ષ ૧૯૫૩થી કાર્યાન્વિત સંસ્થાનાં રંગમંચ ઉપર સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરતા કલાકારોની સુંદર પ્રસ્તુતિ રહી હતી.



શિશુવિહાર સંસ્થાનાં તાલીમાર્થીઓ તેનાં વાલીઓ તથા ટ્રસ્ટીઓની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલ રાષ્ટ્રીય વંદના કાર્યક્રમમાં ક્રીડાંગણ તાલીમાર્થીઓના રાષ્ટ્રભક્તિ ઉજાગર કરતા ડાન્સ, ભાતીગળ સમૂહ નૃત્યો





ઉપરાંત ભાવેણા ગ્રુપ, અનંત ગ્રુપ, નટરાજ કલા સંસ્થા અને સૂર સંગમ સાંસ્કૃતિક મંચના કલાકારોની મળી ૧૮ કલાકૃતિઓની પ્રસ્તુતિ થઈ હતી મોડી સાંજે ભોજન બાદ સંપન્ન થયેલ રાષ્ટ્રીય વંદના કાર્યક્રમમાં ૭૫૦થી વધુ નાગરિકોએ હાજર રહી ‘હર ઘર તિરંગા’ની ભાવના સાર્થક કરી હતી. સમગ્ર કાર્યક્રમને પ્રેરિત કરનાર શ્રી હરેશભાઈ ભટ્ટ, કમલેશભાઈ વેગડ તથા શિશુવિહાર ટીમને અભિનંદન.



## શિશુવિહાર બુધસભાના ઉપક્રમે
## સાહિત્ય અકાદમીનું પશ્ચિમ પ્રાદેશિક કવિ સંમેલન



સાહિત્ય અકાદમીના પ્રાદેશિક કાર્યાલય મુંબઈ અને શિશુવિહાર સંસ્થા, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે અમૃતપર્વ નિમિત્તે શનિવારે ‘પશ્ચિમ પ્રાદેશિક કવિ-સંમેલન અને નિવેદન’ વિષય પર ‘સાહિત્ય મંચ’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતી, કોંકણી, મરાઠી અને સિંધી ભાષાના કવિઓએ કવિતાનું પઠન કર્યુ હતું અને પોતાની ભાષામાં લખાઈ રહેલી સમકાલિન કવિતાઓ પર વકતવ્ય આપ્યું હતું.

કાર્યક્રમના ઉદ્‌ઘાટનની શરૂઆતમાં સાહિત્ય અકાદમી પ્રાદેશિક કાર્યાલય મુંબઈના પ્રોગ્રામ ઓફિસર ઓમ પ્રકાશ નાગરે તેમના સ્વાગત પ્રવચનમાં સાહિત્ય અકાદમીના કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી. તેમ જ કાર્યક્રમનું સંકલન કર્યુ હતું.

શરૂઆતના વકતવ્યમાં સાહિત્ય અકાદમીના ગુજરાતી પરામર્શ મંડળના કન્વીનર વિનોદ જોષીએ કાર્યક્રમના હેતુની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે આવા બહુભાષી કાર્યક્રમોનું આયોજન કરવાથી ભારતીય ભાષાઓમાં લખાઈ રહેલા સાહિત્ય અને તેની સંવેદના વિશે માહિતી મળે છે. સત્રના અધ્યક્ષ અને સાહિત્ય અકાદમીના પ્રમુખ અને સાહિત્ય અકાદમીના પ્રાદેશિક સલાહકાર મંડળના કન્વીનર નામદેવ તારાચંદાણીએ જણાવ્યું હતું કે કવિતાને આત્મસાત કરવા માટે સહાનુભૂતિ હોવી આવશ્યક

છે. વિવિધ યુનિવર્સિટીઓના અભ્યાસક્રમમાં સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત પુસ્તકોના સમાવેશ કરવાની જરૂરિયાત અંગે પણ તેમણે આશા વ્યક્ત કરી હતી.

કાર્યક્રમના પ્રથમ સત્રમાં અધિવેશનના પ્રમુખ ગુજરાતી પરામર્શ મંડળના કન્વીનર કવિ વિનોદ જોષીએ સમકાલીન ગુજરાતી કવિતા વિષય પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. આ દરમિયાન યુવા ગુજરાતી કવયિત્રી રિંકુ રાઠોડ અને કવિ વિવેક ટેલરે તેમની પ્રતિનિધિ કવિતાઓ અને ગઝલોનું પઠન કર્યુ હતું.

બીજા સત્રમાં કોંકણી ભાષાના કવિઓ નેરી નજરેત અને હનુમંત ચોપડેકર તેમની કોંકણી કવિતાઓના મૂળ ભાષાનાં લખાણ અને હિન્દી અનુવાદનું વાંચન કર્યુ. આ પ્રસંગે અધિવેશનના પ્રમુખ, કોંકણી કન્સલ્ટેટિવ બોર્ડના કન્વીનર ભૂષણ ભાવેએ સમકાલિન કોંકણી કવિતા પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

કાર્યક્રમના ત્રીજા સત્રમાં, મરાઠી કવયિત્રી સુમતિ લાંડે અને પ્રકાશ હોલકરે તેમની પ્રતિનિધિ મરાઠી કવિતાઓના મૂળ મરાઠી અને હિન્દી અનુવાદનું પઠન કર્યુ. સત્રના પ્રમુખ, સાહિત્ય અકાદમીના મરાઠી કન્સલ્ટેટિવ બોર્ડના કન્વીનર અને પ્રખ્યાત મરાઠી નવલકથાકાર, વિવેચક રંગનાથ પઠારેએ સમકાલીન મરાઠી કવિતા પર નિવેદન આપ્યું હતું. કાવ્ય ગોષ્ઠીના ચોથા સત્રમાં સિંધી કવિઓ નરેશ ઉધાની અને લાલ ચાવલાએ તેમની સિંધી કવિતાઓ રજૂ કરી હતી અને કાવ્યપઠન કર્યુ હતું. અધિવેશનમાં સિંધી કન્સલ્ટેશન બોર્ડના કન્વીનર નામદેવ તારાચંદાણીએ સમકાલીન સિંધી કવિતા પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. કાર્યક્રમનાં અંતે શિશુવિહાર સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. નાનક ભટ્ટે તમામ મહેમાન કવિઓ સાહિત્યકારોને અભિનંદન આપી અને આભાર વ્યક્ત કર્યો હતો.





ભાવનગરનાં પ્રબુદ્ધ નાગરિકોની પ્રેરક ઉપસ્થિતિ તેમજ પશ્ચિમ



ભારતના સાહિત્યકારોની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલ પશ્ચિમી ભારત કવિ સંમેલનમાં પધારેલ ચારે ભાષાનાં સાહિત્યકારોનું શિશુવિહાર બુધસભા વતી સાહિત્ય, ખેસ અને મોમેન્ટોથી અભિવાદન કરવામાં આવેલ. ભોજન બાદ મોડી સાંજે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

## શિશુવિહાર સંસ્થા દ્વારા અભિવાદન



શ્રી વિનોદભાઈ જોશી
અધ્યક્ષ: ગુજરાતી સત્ર



શ્રી નામદેવ તારાચંદાણી
પ્રમુખ: સાહિત્ય અકાદમી



શ્રી ભૂષણ ભાવે
કન્વીનર: કોંકણી ભાષા સત્ર



શ્રી રંગનાથ પઠારે
કન્વીનર: મરાઠી ભાષા સત્ર



શ્રી પ્રકાશ હોળકર, સુમતિ લાંડે
કન્વીનર: મરાઠી ભાષા સત્ર



શ્રી હનુમંત ચોપડેકર
કન્વીનર: મરાઠી ભાષા સત્ર

## ગુજરાતના જાણીતા કવિ
## ડૉ. રઈશ મનિઆરના સાનિધ્યમાં કાવ્યશિબિર



ગુજરાતનાં પ્રસિદ્ધ ગઝલકાર, ગીતકાર ડૉ. રઈશ મનીઆરના સાંનિધ્યમાં ૬ ઑગસ્ટે કાવ્યરચના શિબિર યોજાઈ ગઈ. આ પ્રસંગે બુધસભાના સંવર્ધક કવિ ગઝલકાર શ્રી કિસ્મત કુરેશીની સ્મૃતિમાં શિશુવિહાર સંસ્થાનાં મંત્રી શ્રી ઈન્દાબહેન ભટ્ટ, શહેરના વરિષ્ઠ કવિ ડૉ. નટુભાઈ પંડયા તેમજ કિસ્મત કુરેશી પરિવારના સદસ્યશ્રી ઈસ્માઈલભાઈના વરદહસ્તે ડૉ.મનીઆરને રૂપિયા ૧૧૦૦૦/-તેમજ સ્મૃતિચિહ્નથી સન્માનિત કરવામાં આવેલ. સવારના ૯:૩૦ થી સાંજના ૪.૩૦ સુધી યોજાયેલ. તાલીમ શિબિરમાં ઉપસ્થિત શહેરના ૬૫થી વધુ નવોદિત કવિ મિત્રોને ગીત, ગઝલ-લેખન, છાંદસ અછાંદસ રચના આલેખન અંગે ડૉ. મનીઆર દ્વારા દૃશ્ય શ્રાવ્ય ઈલેક્ટ્રોનિક માધ્યમોની મદદથી માર્ગદર્શન આપવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી કૃપાબહેન ઓઝાએ કર્યુ હતું.





## શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિઓ



• કલા સુમિટોમો કેમિકલ્સ ઈન્ડિયા લિમિટેડ, ભાવનગરનાં કર્મચારીઓનાં તેજસ્વી સંતાનોને પુરસ્કૃત કરવાનો સમારોહ શિશુવિહાર સંસ્થામાં યોજાઈ ગયો. આઝાદીનાં અમૃત મહોત્સવનાં પ્રારંભે યોજાયેલ કાર્યક્રમ ડૉ. અમિતભાઈ મહેતા, ડૉ. સંજયભાઈ વડોદરિયા સાથે ઉપસ્થિત ૪૫૦ પરિવારોએ તિરંગો લહેરાવી રાષ્ટ્રભક્તિ ઉજાગર કરી હતી. શિશુવિહાર સંસ્થા તરફથી તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને કાપડની થેલીમાં સંસ્કાર સાહિત્ય આપવામાં આવેલ. શિશુવિહાર સંસ્થાના મંત્રી ડૉ. નાનકભાઈ ભટ્ટની અધ્યક્ષતામાં યોજાયેલ સમારોહનું સંકલન સુમિટોમોની એચ.આર. ટીમે કર્યું હતું.




•અનંત મ્યુઝિક ગ્રુપ આયોજિત શિશુવિહારનાં સર્વાંગી હોલમાં ૭ ઑગસ્ટે જૂનાં હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ યોજાઈ ગયો. ભાવનગરનાં કલાકારો દ્વારા લોકપ્રિય ગીતોની પ્રસ્તુતિને માણવા માટે ૨૫૦થી વધારે શ્રોતાજનો ઉપસ્થિત રહ્યા હતા.



• શ્રી પ્રમોદભાઈ વોરા દ્વારા છેલ્લાં ૨૦ વર્ષથી અવિરતપણે ચાલતા સાઈકલ વિતરણ કાર્યક્રમ અંતર્ગત ૯૧મો સાયકલ વિતરણ સમારોહ શિશુવિહારમાં યોજાઈ ગયો. આઝાદીની પૂર્વ સંધ્યાએ શ્રી ગિરીશભાઈ શેઠની વિશેષ ઉપસ્થિતિમાં આયોજિત કાર્યક્રમમાં ૨૫ વિદ્યાર્થીઓને સાઈકલ આપવામાં આવી હતી.



• ભાવનગર નાગર જીમખાનાના ઉપક્રમે નાટ્ય સમારોહ સંસ્થા રંગમંચ ઉપર પ્રસ્તુતિ પામ્યો. શહેરના પ્રખ્યાત દિગ્દર્શક શ્રી ધીરેનભાઈ વૈષ્ણવ દ્વારા દિગ્દર્શિત ત્રણ એકાંકી નાટ્ય કૃતિઓનાં અનેરા મંચનને માણવા માટે ૩૦૦થી વધુ પરિવારજનો પધાર્યા હતા. ૧૯૫૩માં સ્થપાયેલ ભાવનગરની પ્રથમ રંગભૂમિ ઉપર ૨૦ ઑગસ્ટે મંચન થયેલ નાટકોને માણવા આવેલ શ્રોતાઓને શિશુવિહાર સંસ્થા તરફથી કાપડની થેલીમાં સંસ્થા સાહિત્ય આપવામાં આવેલ



• સપ્તસૂરી સંગીત સંધ્યાના ઉપક્રમે ૬૧મો જૂના ફિલ્મી ગીતોનો સંગીત કાર્યક્રમ ૨૧ ઑગસ્ટે સંસ્થા રંગમંચ ઉપર યોજાઈ ગયો. શ્રી પ્રશાંતભાઈ ભટ્ટના સંયોજન તળે યોજાયેલ સંગીત કાર્યક્રમમાં ૩૫૦થી વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા.



• નટરાજ કલા સંસ્થાનો ૧૩૪મો સંગીત કાર્યક્રમ ૨૮ ઑગસ્ટે સંસ્થા રંગમંચ ઉપર યોજાઈ ગયો. શ્રી કેતનભાઈ આવસત્થીની પરિકલ્પના આધારિત 'એક સાંજ આપની સાથે' જૂના હિન્દી ફિલ્મી ગીતોનો આસ્વાદ માણવા ૪૦૦થી વધુ સંગીત પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

• રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે શ્રેષ્ઠ શિક્ષક તરીકે વિભૂષિત શ્રી સુધીરભાઈ મહેતા દ્વારા લિખિત પુસ્તક 'ગુજરાત માનવ રત્ન'નું વિમોચન તારીખ ૧૪ ઑગસ્ટે સાવરકુંડલામાં યોજાયું. ગુજરાતનાં પ્રખર ચિંતક શ્રી ધર્મબંધુજીના વરદ હસ્તે લોકાર્પિત પુસ્તકમાં શિશુવિહાર સંસ્થાના મંત્રી ડૉ. નાનકભાઈ ભટ્ટના સામાજિક પ્રદાનનો ઉલ્લેખ અને અભિવાદન થયા હતા.



WAGH BAKRI FOUNDATION

## CSR અંતર્ગત વાઘ બકરી ફાઉન્ડેશન, અમદાવાદનાં સૌજન્યથી
## પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક સારવાર-આપત્તિ નિવારણ તાલીમ

| શિબિર ક્રમાંક | ઑગસ્ટ તારીખ | શાળાનું નામ | તાલીમાર્થી સંખ્યા |
|---|---|---|---|
| ૨૦૭ (૦૮) | ૧ | ગોંધા ઇંગ્લિશ શાળા | ૩૯૦ |
| ૨૦૮ (૦૯) | ૪ | શ્રી એન. જે. વિદ્યાલય | ૨૮૦ |
| ૨૦૯ (૧૦) | ૫ | શ્રી માઢિયા પ્રા. શાળા | ૧૪૦ |
| ૨૧૦ (૧૧) | ૮ | શ્રી સરકારી માધ્યમિક શાળા | ૦૫૦ |
| ૨૧૧ (૧૨) | ૨૬ | શ્રી રવીન્દ્રનાથ ટાગોર પ્રા. શાળા | ૨૨૦ |
| ૨૧૨ (૧૩) | ૨૭ | શ્રી આદર્શ નિવાસી શાળા | ૦૮૦ |
| | | કુલ | ૧૧૬૦ |









તારીખ ૧૬ ઑગસ્ટે વાઘ બકરી ફાઉન્ડેશનના CSR પ્રવૃત્તિના મુખ્ય સંચાલક શ્રી અજયભાઈ સિસિલિયાએ શિશુવિહાર સંસ્થા તેમજ શિબિર સ્થળની ખાસ મુલાકાત લઈ શિક્ષકોને પ્રોત્સાહિત કર્યા હતા.

સંચાલક: શ્રી હરેશભાઈ ભટ્ટ

## CSR અંર્તગત
## વાઘ બકરી ફાઉન્ડેશન, અમદાવાદનાં સૌજન્યથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં સ્વાસ્થ્ય શિબિર

| શિબિર ક્રમાંક | ઑગસ્ટ તારીખ | શાળા નંબર અને વિસ્તાર | આંખ તપાસ | હીમોગ્લોબિન તપાસ | સ્વાસ્થ્ય તપાસ |
|---|---|---|---|---|---|
| ૪ | ૨૫ | ૧૫- આનંદનગર | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૫ | ૨૬ | ૧૮- દીપકચોક | ૪૦ | ૪૦ | ૪૦ |
| | | (કુલ ૨૪૦) | ૮૦ | ૮૦ | ૮૦ |







સંચાલક: શ્રી રાજુભાઈ મકવાણા

## કાંઠા વિસ્તારનાં ગામડાંઓ માટે આરોગ્ય શિબિર









ભાવનગરનાં ખાડી વિસ્તારનાં અત્યંત પછાત ગામડાંઓમાં ગ્રામજનોનાં આરોગ્યની કાળજી લેતી નિરમા ઈન્ડસ્ટ્રિઝના સહયોગથી ઑગસ્ટ માસમાં ગામ માઢિયા અને ગણેશગઢમાં આરોગ્ય શિબિર





યોજાયેલ, જેમાં ૪૬૯ દરદીઓને નિદાન તેમજ જરૂરી દવા અને સારવાર આપવામાં આવી.

ભાવનગરનાં ઘોઘા વિસ્તારનાં ૮ ગામડાંઓ પૈકી ગામ અવાણિયા તથા માલપરમાં શિશુવિહારની આરોગ્ય ટીમ દ્વારા ૩૬૦ વિદ્યાર્થીઓની આંખ તપાસ તથા આરોગ્ય તપાસ યોજાઈ. એગ્રોસેલ ઈન્ડસ્ટ્રિઝ લિમિટેડના સહયોગથી યોજાતા શિબિર દ્વારા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને મળતી તબીબી સારવા નોંધનીય બને છે.

ઑગસ્ટ માસમાં યોજાયેલ કુલ પાંચ શિબિરોના યજમાન ગામોની




પ્રાથમિક શાળાઓમાં શિશુવિહાર સંસ્થાનાં બાળ પુસ્તકાલય અંતર્ગત ૧૦૦ પુસ્તકોનો સંપુટ તમામ આચાર્યશ્રીઓને ભેટ સ્વરૂપે આપવામાં આવેલ.

ભાવનગર જિલ્લાનાં ગામડાંઓના સ્વાસ્થ્યની કાળજી માટે વાઘ-બકરી ફાઉન્ડેશન દ્વારા મળેલ મેડિકલ વૅનનાં વિશેષ સહયોગથી યોજાતા આરોગ્ય શિબિરોમાં ડૉક્ટરશ્રી અરવિંદભાઈ ત્રિવેદી, ટેકનિશયન શ્રી રેખાબહેન, અંકિતાબહેન ભટ્ટ તેમજ કાર્યક્રમનું સંકલન કરતા શ્રી રાજુભાઈ મકવાણા તથા શ્રી હીનાબહેન ભટ્ટની સેવા નોંધનીય બને છે.

સંચાલક: શ્રી રાજુભાઈ મકવાણા

## બાળ શિક્ષણ



### શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિર:

ઑગસ્ટ માસમાં શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરમાં બાળકોની સરેરાશ સંખ્યા ૫૦ રહી હતી. માસ દરમિયાન બાળકોને શાંતિની રમત રમાડવી, મહેંદી મૂકવાની કામગીરી સાથે સાંકળવામાં આવ્યા હતા. બાળવયથી બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસે તે હેતુસર ઑગસ્ટ માસમાં જુવારા કુંડામાં વાવીને ઉછેરવા, વક્રીભવન, અવાજ પ્રસાર પ્રકારે પ્રવૃત્તિઓ યોજવામાં આવેલ. માસમાં વિવિધ અનાજ કઠોળનું પ્રદર્શન યોજવામાં આવેલ.

દાતા શ્રી મણિલાલ ઠક્કર, શ્રી વિપુલભાઈ શાહ, શ્રી ડૉ. સરૂપબહેન ધ્રુવ, શ્રી કલાવતીબહેન શાહ, શ્રી બિંદુબહેન વકીલ, શ્રી ઈન્દુબહેન શાહ, સ્વ. અરુણભાઈ ઝવેરી પરિવાર દ્વારા બાળકોને ભોજન આપવામાં આવેલ. ઉપરાંત ૧૧ દાતાઓ દ્વારા પોષક આહાર આપવામાં આવેલ.

૭૯મા અનુભવ તાલીમવર્ગ અંતર્ગત પાંચ બહેનોએ શ્રી પ્રીતિબહેન ભટ્ટનાં માર્ગદર્શન હેઠળ પશ્ચિમ અને ગુજરાતના કેળવણીકારો વિશે જાણકારી મેળવેલ તેમજ હસ્ત ઉદ્યોગ તાલીમમાં ફિંગર પ્રિન્ટ, ચિટકકામ, રાખડી બનાવવી, મુગટ બનાવવા પ્રકારે તાલીમ મેળવી હતી.

તા.૧૦ ઑગસ્ટે બાલમંદિર વિશેષ પ્રવૃત્તિ અંતર્ગત રક્ષાબંધન,





જન્માષ્ટમી, ગણેશચતુર્થીની ઉજવણી કરવામાં આવી. ઉપરાંત બાળકોને શ્રી રૂપાબહેન જયવંતભાઈ પટ્ટણીનાં ફાર્મ હાઉસે શૈક્ષણિક મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા.

સંચાલક: શ્રી ઉષાબહેન રાઠોડ, શ્રી અંકિતાબહેન ભટ્ટ

## આરોગ્ય

### ૪૪૪ તથા ૪૪૫મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ:





શ્રી રવિ હેમેન્દ્રભાઈ વળિયાના સૌજન્યથી શિશુવિહાર સંસ્થામાં ૪૪૪મો તેમજ શ્રી ઈન્દુબહેન ભાસ્કરભાઈ દવેનાં સૌજન્યથી ૪૪૫મો નેત્રયજ્ઞ તારીખ ૨૬ ઑગસ્ટે શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો.

ગુજરાત અંધત્વ નિયંત્રણ સોસાયટી તથા શિવાનંદ આઈ હૉસ્પિટલનાં સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૧૦૫ દર્દીઓની

આંખ તપાસ વીરનગરના ડૉ. જગદીશભાઈ મહેતાની ટીમ દ્વારા કરવામાં આવી. લાભાન્વિત દરદીઓને શિશુવિહાર પરિસરમાં ‘ડૉ. મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા’ ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો અને બપોરે ભોજન બાદ કેટ્રેક્ટ સર્જરી માટે ૨૬ દરદીઓને એટેન્ડન્ટ સાથે ખાસ બસમાં વિરનગર લઈ જવામાં આવ્યા.

‘દરદી દેવો ભવઃ’ની ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાનાં તમામ કાર્યકરોએ સેવા આપી હતી.

## વયસ્કો માટે ૩૩૧મી દૃષ્ટિચકાસણી શિબિરઃ

સ્વ. શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી શિશુવિહાર ફિઝિયોથેરાપી સેન્ટરમાં ક્રમાક ૩૩૧ અન્વયે ૪ રવિવાર દરમિયાન ૮૩ વયસ્કોને આંખ તપાસ બાદ ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું હતું.




સંચાલકઃ શ્રી દીપાબહેન જોશી

## ફિઝિયોથૅરાપી તથા ફિટનેસ સેન્ટરઃ

શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથૅરાપી સેન્ટરમાં સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ તથા સાંજના ૪:૩૦થી ૭ દરમિયાન શરીરનાં વિવિધ દુઃખાવાઓની સારવાર આપવામાં આવે છે. ડૉ. ભાવિકાબહેન હરિયાણી તથા ડૉ. જાહ્નવીબહેનનાં કન્સલ્ટેશન હેઠળ ઑગસ્ટ માસમાં ૧૧૮ દરદીઓએ સારવાર લીધી હતી,તેમ જ ફિટનેસ સેન્ટરમાં ૧૦ બહેનો તથા ૧૯ ભાઈઓ આવ્યા હતા.

સંચાલકઃ શ્રી દેવાંશીબહેન ભટ્ટ

## શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરઃ

ઑગસ્ટ માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવાર થી શુક્રવાર સાંજના ૪ થી ૬ દરમિયાન ઍલોપૅથીની સારવારનો લાભ ૨૫૯૯ દરદીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાત ડૉક્ટર દ્વારા જરૂરિયાત મુજબ દરદીઓને નિઃશુલ્ક દવા આપવામાં આવેલ.



સંચાલકઃ ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી



## જીવન શિક્ષણ તાલીમઃઃ

ભાવનગરના સેવાભાવી યુવક મિત્રો દ્વારા શહેરના પ્રભુદાસ તળાવ તથા સુભાષનગર વિસ્તારની ઝૂંપડપટ્ટીના ૨૨ બાળકો માટે અ-વૈધિક તાલીમનો પ્રારંભ થયો છે. મહિનાના ૨૨ દિવસ સાંજના ૬:૦૦ થી ૭:૩૦ દરમિયાન શિશુવિહાર પ્રાંગણમાં ગરીબ બાળકોને નાસ્તો, ગણન-વાંચન, ક્રાફ્ટ અને રમત-ગમત પ્રવૃત્તિઓ સાથે જોડવામાં આવે છે. ડ્રોપ નામની સંસ્થા થકી આ સેવાભાવી યુવકો એકલવાયું જીવન વ્યતિત કરતાં વડીલોને રાશનકીટ પહોંચાડી રહ્યાં છે.

## હસ્ત ઉદ્યોગ કાર્યશાળાઃ

બાળકો તેનાં શારીરિક વિકાસ સાથે સર્જનશીલતાનો આનંદ લઈ શકે તે માટે શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી કૌશલ્ય તાલીમ કેન્દ્રમાં




પ્રત્યેક શનિવારે સાંજે ૫ થી ૬ દરમિયાન વિદ્યાર્થીઓને જીવનશિક્ષણ તાલીમ સાથે જોડવામાં આવે છે. ઑગસ્ટ માસમાં પ્રવૃત્તિ ક્રમાંક ૧૪૬ તથા ૧૪૭માં તિરંગા તેમજ રાખડી બનાવવાની તાલીમ આપવામાં આવી. જેમાં ૪૫ સ્કાઉટે ભાગ લીધો હતો.

તાલીમી સંચાલક :શ્રી પ્રીતિબહેન ભટ્ટ

## સંગીત વર્ગઃ

ઑગસ્ટ માસ દરમિયાન સંસ્થા સંગીત વર્ગમાં એક તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.

સંચાલકઃશ્રી દેવુભાઈ મહેતા

# જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

## ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ



વર્ષ ૨૦૨૧-'૨૨માં રાજ્યપુરસ્કાર વિજેતા થયેલ ૯ સ્કાઉટ તાલીમાર્થીઓ
પાર્થ બારૈયા, સુમિત પરમાર, શુભમ ગોહેલ, મિલન બારૈયા,
વિરેન રાઠોડ,હર્ષ ચુડાસમા, અર્જુન પરાડકર, મયંક બારૈયા,સોહમ મકવાણા

ઑગસ્ટ માસમાં સાંજના ૫:૩૦ થી ૭:૩૦ દરમિયાન ક્રીડાંગણમાં નિયમિત રીતે આવતાં તાલીમાર્થીઓની સંખ્યા ૪૦ રહી હતી. જેઓને આયોજન અનુસાર સમૂહ રમત, સ્કાઉટ તાલીમ ઉપરાંત સ્વાતંત્ર્યપર્વની તૈયારી સાથે માર્ચપાસ્ટ બેંડ સલામીનું પ્ર-શિક્ષણ આપવામાં આવેલ.

માસ દરમિયાન સાંજની પ્રાર્થના બાદ વિદ્યાર્થીઓને નિયમિત રીતે પોષક આહાર અપાયો હતો. પવિત્ર શ્રાવણ માસ પ્રસંગે શ્રી દેવકીબહેન ક્ષિતિજભાઈ ત્રિવેદી (મુંબઈ) તરફથી ચાર સોમવારે ફરાળી નાસ્તો, લક્ષ્મીબહેન સહદેવભાઈ ભટ્ટ (મુંબઈ)તરફથી બાલદેવવન અને ક્રીડાંગણના મુખ્ય કાર્યકરોને ૧૦ જોડ પેન્ટ-શર્ટ પીસ આપ્યા. કમલેશભાઈ વેગડના માતુશ્રીની પુણ્યતિથિએ ભોજન આપવામાં આવેલ. માસ દરમિયાન ક્રીડાંગણ તાલીમાર્થીઓએ ભરપૂર સમય ફાળવી બેંડ સલામી, માર્ચ પાસ્ટ અને રાષ્ટ્રીય વંદના કાર્યક્રમની તાલીમ લીધી હતી.



૭૬માં સ્વાતંત્ર્યપર્વ પ્રસંગે શિશુવિહાર સ્કાઉટ ટ્રુપના ૧૨ યુવકોને ખરી કમાઈ અને ૧૨ તાલીમાર્થીઓને ગવર્નર પ્રમાણપત્ર પુરસ્કારથી અભિવાદિત કરાયા હતા. જન્માષ્ટમીપર્વ પ્રસંગે પાર્થભાઈ અને કમલેશભાઈ દ્વારા હાથબના દરિયાકિનારે પ્રવાસ યોજવામાં આવેલ. જેમાં ૩૫ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

અનેકવિધ પ્રવૃત્તિથી સભર ઑગસ્ટ માસમાં સ્કાઉટ તાલીમાર્થીઓએ 'હર ઘર તિરંગા' અભિયાનમાં પણ હર્ષભેર ભાગ લઈ રાષ્ટ્રભક્તિ દાખવી હતી.

સંચાલક: શ્રી કમલેશભાઈ વેગડ

# મહિલા ઉત્કર્ષ અને વ્યાવસાયિક તાલીમ

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટી ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત

## જ્યોતિમંડળ મહિલા સીવણ તાલીમ:

ઑગસ્ટ માસ દરમિયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૧૪ રહી હતી.

સંચાલક: શ્રી ગુલાબબા ગોહિલ

## કમ્પ્યૂટર શિક્ષણ તાલીમ વર્ગ:

શિશુવિહાર સંસ્થામાં સ્વ.કાળીદાસભાઈ વળિયા પરિવારની સહાયથી ચાલતા કમ્પ્યૂટર શિક્ષણ તાલીમ વર્ગ અંતર્ગત કમ્પ્યૂટર બેઝિક કોર્સમાં અનુભવ વર્ગની પાંચ બહેનો શિક્ષણ મેળવી રહ્યાં છે.

સંચાલક :શ્રી રક્ષિત યાદવ

# સ્વ-રોજગાર સહાય



## સ્વ-રોજગાર:

સંસ્થાની સ્વ-રોજગાર પ્રવૃત્તિ અંતર્ગત ૮ શ્રમિક બહેનો દ્વારા ઑગસ્ટ માસમાં ૩૦૦૩ કાપડની થેલી તૈયાર થતાં રૂ.૧૨૦૦૭/-ની રોજગારી મેળવેલ છે. પર્યાવરણ જાળવણી માટે પ્લાસ્ટિક વપરાશને ઘટાડવા માટેના સંસ્થાનાં પ્રયત્નોને ગતિ આપતા **અત્યાર સુધીમાં ૭૮,૦૦૩ કાપડની થેલીઓ** જરૂરિયાતમંદ કુટુંબો સુધી પહોંચાડવામાં આવી છે.

સંચાલક :શ્રી દક્ષાબહેન ગોહેલ

## દિવ્યજીવન:

શિશુવિહાર દિવ્યજીવનની પ્રાર્થના માસનાં પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. ઑગસ્ટ માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

- શ્રી ઈન્દાબહેન ભટ્ટ

## મનોરંજનઃ

બાલમંદિર અને શાળા-કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે ૭ વિવિધ પ્રકારોમાં ૮૪ પોશાક સંસ્થાનાં મનોરંજન વિભાગમાંથી સાંજનાં ૪:૩૦ થી ૭:૩૦ દરમિયાન મળી શકે છે. ઑગસ્ટ માસ દરમિયાન ૧૦ સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

સંચાલક :શ્રી દક્ષાબહેન ગોહેલ

## તાલીમઃ

શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૪ ઑગસ્ટે યોજાયેલ, જેમાં માસ દરમિયાનના નિયત કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનું મૂલ્યાંકન તેમ જ સપ્ટેમ્બર માસના સંસ્થાગત કાર્યો અંગે સંવાહકો સાથે ચર્ચા કરવામાં આવી.

સંચાલકઃ શ્રી હીનાબહેન ભટ્ટ

## માંદગી સાધનસહાયઃ

માંદગીવશ હંગામી ધોરણે દર્દીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૧૫ થી ૩૧ દિવસ માટે નિયત ડિપૉઝિટથી આપવામાં આવે છે. ઑગસ્ટ માસ દરમિયાન સ્વ.ફૂલચંદભાઈ પી. તંબોળી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ સાધનોનો ૬૪ દર્દીઓએ લાભ લીધો હતો. શ્રી પ્રભાતભાઈ કરશનદાસ સોલંકી તરફથી કમોડ ખુરશી મળેલ છે. સંસ્થા દાતાશ્રીનો આભાર માને છે.

સંચાલકઃ શ્રી અનિલભાઈ જોશી

## બાલદેવ વનઃ

ઑગસ્ટ માસ દરમિયાન શ્રી તદ્રૂપાનંદ બાલદેવવન તથા ઍકસેલ ક્રોપ કેર લિ. પ્રેરિત ‘નૉલેજ પાર્ક’માં ૧૧૦ બાળકો પોતાના વાલી સાથે રમવા આવ્યાં હતાં. ઑગસ્ટ માસ દરમિયાન શ્રી મદ્રેસા એ. ઈબ્રાહિમ પ્રાથમિક શાળાના ૫૦ બાળકો તથા શ્રી સહજાનંદ પ્રાયમરી સ્કૂલના ૬૦ બાળકોએ મુક્ત મને રમી આનંદ માણ્યો હતો. બાલદેવવનમાં રમવા આવતાં તમામ બાળકોને સંસ્થા તરફથી‘બાળ આરોગ્ય સૂત્ર’પુસ્તિકા ભેટ આપવામાં આવેલ.

સંચાલકઃ શ્રી હીનાબહેન ભટ્ટ

## આરોગ્યવર્ધક ઔષધિ પીણુંઃ

શ્રી નિશીથભાઈ મહેતાના સહકારથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજનાં ૫:૩૦ થી ૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. યુઝ ઍન્ડ થ્રો કપમાં આપવામાં આવતાં અને શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ ૭૬૦ નાગરિકોએ લીધેલો.

– સંચાલકઃ શ્રી નરસિંહભાઈ મકવાણા



# સંસ્કાર સાહિત્ય પ્રકાશન

## શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય-શિશુવિહાર

સંયોજનઃ રાજા રામમોહન રૉય ફાઉન્ડેશન

ઑગસ્ટ માસમાં ૨૦ વાચક સભ્યોએ ૫૦ પુસ્તકો વાચ્યાં હતાં.

**સંસ્થા પુસ્તકાલયમાં ભેટ સ્વરૂપે મળેલાં પુસ્તકો, જેનો સાભાર સ્વીકાર છે.**

શ્રીમદ ભાગવત સંક્ષેપ, (શ્રી જીવનભાઈ હકાણી), રંગતદાર ગોષ્ઠી, અન્ય ૨૬૦ પુસ્તકો (શ્રી અશ્વિનભાઈ એન. શાહ), પીટર પાન, ડમ્બો, વિક્રમ વૈતાળ, અન્ય ૧૭ પુસ્તકો

સંચાલકઃ શ્રી પ્રીતિબહેન ભટ્ટ

## બુધસભાઃ

૧૯૮૦થી અવિરત ચાલતી શિશુવિહાર બુધસભામાં ૩ ઑગસ્ટે ૨૧૯૩મી બેઠક યોજાઈ હતી. કાવ્ય આસ્વાદ ઉપક્રમ અંતર્ગત શ્રી પરેશભાઈ ત્રિવેદી દ્વારા કૃષ્ણ દવેના કાવ્યોનો આસ્વાદ થયો. સંચાલન શ્રી જીજ્ઞાબહેન ત્રિવેદીનું રહ્યું હતું. બીજી બેઠક અવસર અભિવ્યક્તિ વિષયે રહી. શ્રી હર્ષાબહેન ચૌહાણ દ્વારા કૃતિઓનું પઠન થયું. માસના ત્રીજા બુધવારે કવિ વક્તવ્ય ઉપક્રમ યોજાયો જેનું સંચાલન શ્રી નેહાબહેન પૂરોહિતનું રહ્યું હતું. માસના ચોથા બુધવારે શ્રી સુનિલ પરમાર દ્વારા રાહી ઓધારિયાને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. તેમના જીવનકવન વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સંચાલન શ્રી જયેશભાઈ ભટ્ટનું રહ્યું હતું. માસના અંતિમ અને પાંચમાં બુધવારે ૨૧૯૮મી બેઠકમાં ડૉ. નટુભાઈ પંડયાના અધ્યક્ષ સ્થાનેથી મુશાયરો યોજાયો. મુશાયરમાં સર્વ શ્રી પ્રહ્લાદભાઈ મહેતા, ડૉ. પથિક



પરમાર, શ્રી ઈસ્માઈલભાઈ કુરેશી, શ્રી ધર્મેશભાઈ મહેતા, શ્રી જયંત હુંબલ, લાલજીભાઈ, દર્શનાબહેન રાવલ, ભરત વાઘેલા, માનસી ત્રિવેદી, પારુલ ઠક્કર દ્વારા કૃતિઓની પ્રસ્તુતિ થઈ હતી. ઑગસ્ટના પાંચેય બુધવાર મળીને કુલ ૮૩ રચનાઓની પ્રસ્તુતિ થઈ તેમજ ૧૨૬ કવિઓની હાજરી રહી હતી.

સવિશેષ શિશુવિહાર બુધસભાના જાણીતાા કવયિત્રી શ્રી નેહાબહેન પૂરોહિતના ગીતસંગ્રહ ‘મને ઓઢાડો અજવાળું’નો વિમોચન સમારોહ ૬ ઑગસ્ટે યોજાયો હતો. સમારોહના અતિથિ વિશેષ સુપ્રસિદ્ધ કવિ શ્રી ડૉ. રઈશ મનીઆર, લોકગાયક શ્રી અરવિંદભાઈ બારોટ, કવયિત્રી શ્રી રક્ષાબહેન શુકલ, કવિ શ્રી જીતુભાઈ ત્રિવેદીની વિશેષ ઉપસ્થિતિમાં પદ્મશ્રી ડૉ. વિષ્ણુભાઈ પંડયાના અધ્યક્ષ સ્થાનેથી યોજાયો હતો. શ્રી સુચિતા કપુરનાં સંચાલનમાં  સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ઈશાબહેન પૂરોહિત દ્વારા થયું હતું.

સંચાલક: શ્રી કૃપાબહેન ઓઝા

## પ્રચાર-પ્રસાર




### ઑગસ્ટ માસમાં પંચવર્ષીય લવાજમ રૂ.૨૫૦/-ભરી સભ્ય થનાર મિત્ર

શ્રી ગિરીશભાઈ એમ. પંડયા-ભાવનગર, શ્રી વીરુબહેન એમ. શાહ-અમદાવાદ, શ્રી પારસ વી. કાપડી-જૂનાગઢ, શ્રી ભાવનાબહેન પંડયા-ભાવનગર, શ્રી હાજલભાઈ વી. ચૌહાણ- વળાવડ, શ્રી નયનાબહેન એ. ભટ્ટ-મુંબઈ, શ્રી સુરેન્દ્રભાઈ બી. ઝાલા-ભાવનગર, શ્રી મનસુખલાલ જી. શાહ-વડોદરા

સંચાલક: શ્રી દક્ષાબહેન ગોહેલ

### અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર

રાજ્યનાં વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની ૨૫૪ પ્રેસનોટ પ્રકાશિત થઈ હતી. તથા ૧૫ ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

ઑગસ્ટ માસમાં સંસ્થાનાં ફેસબુક્નાં followersની સંખ્યા ૧૧૪૦ અને ઈન્સ્ટાગ્રામનાં followersની સંખ્યા ૪૬૪ રહી હતી.

સંચાલક: શ્રી અનિલભાઈ બોરીચા



## • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાય •
## સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે

### • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાયનાં દાતાશ્રીઓ •

| | | |
|---|---|---|
| 675000.00 | વાઘબકરી ફાઉન્ડેશન | આરોગ્ય-આપત્તિ નિવારણ કેમ્પ |
| 100000.00 | એક્સેલ ઈન્ડસ્ટ્રિઝ લિમિટેડ | મહિલા ઉત્કર્ષ |
| 37,228.00 | સુમિટોમો કેમિકલ્સ ઈન્ડિયા લિમિટેડ | મેડિકલ કેમ્પ |
| 25720.00 | નિરમા લિમિટેડ | મેડિકલ કેમ્પ |
| 36,000.00 | ટ્રુશેપ પ્રિસીશન કાસ્ટિંગ્સ પ્રા. લિમિટેડ | પ્રકાશન, સર્વાંગી સહાય |
| 25,000.00 | શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ | નેત્રયજ્ઞ સહાય,દૃષ્ટિ ચકાસણી |
| 20,000.00 | શ્રી વંદનાબહેન યશવંતભાઈ પંડયા | નેત્રયજ્ઞ સહાય |
| 12,500.00 | શ્રી યજ્ઞેશકુમાર પ્રેમશંકર વ્યાસ | સર્વાંગી સહાય |
| 7,500.00 | શ્રી વીરુબહેન મહેશભાઈ શાહ | શૈક્ષણિક સહાય |
| 5,000.00 | શ્રી મનસુખલાલ ગુલાબચંદ શાહ | બાલમંદિર નાસ્તો |
| 5,000.00 | ડૉ. રૂચિતાબહેન જશવંતરાય શાહ | બાલદેવવન સહાય |
| 3,000.00 | શ્રી નીરવ શાહ | સર્વાંગી સહાય |

### શ્રદ્ધાંજલિ

### સ્વ. જ્યોતિબહેન ભટ્ટ



શિશુવિહારના આજીવન સભ્ય, નિષ્કામભાવે જીવનભર સેવા કરનાર, સરળ સ્વભાવ તથા શિશુવિહારમાં ચાલેલી દિવ્યજીવન સંઘની પ્રવૃત્તિને સમર્પિત થયેલા એવા સ્વ. જ્યોતિબહેન ભટ્ટે બીજી સપ્ટેમ્બરે આપણી વચ્ચેથી વિદાઈ લીધી છે. શિશુવિહાર પરિવાર તેમના આત્માને ચિર શાંતિ માટે પ્રાર્થના કરે છે.

## શુભેચ્છકો લખે છે

**• શ્રી જે.એ. જરીવાલા (સૅફટી ઑફિસર, ઍક્સેલ)**




શિશુવિહાર સંસ્થાના સ્થાપક લોક સેવક પૂજ્ય માનભાઈની ૧૧૫મી જન્મ શતાબ્દી વર્ષ પ્રસંગે વંદન. મહારાજા કૃષ્ણકુમારસિંહજી દ્વારા મળેલી જમીનને ‘શિશુવિહાર’ નામ આપ્યું. શિશુવિહારનો મુઠ્ઠીનો સિમ્બોલ એ ખુમારીના પ્રતીક તરીકે રાખ્યો. અહીં બાળપુસ્તકાલય ચલાવાય છે. ચિત્ર સ્પર્ધા-વાર્તા સ્પર્ધા યોજાય છે. ગરીબ બાળકોનાં ચિત્રોનું કેલેન્ડર બહાર પડે. બાળકીઓનાં હીમોગ્લોબિન તપાસાય. ૩૧૬ આંગણવાડીમાં પોષક આહાર પહોંચાડાય છે. સમર કેમ્પમાં ચિત્ર, યોગ, કરાટે, હેન્ડી ક્રાફ્ટ વગેરે ૨૧ પ્રકારની તાલીમ અપાય છે. આ બધું સરકારી મદદ વગર નિ:સ્વાર્થ અને કોઈ પણ જાતના પ્રચારના ઢોલ વગાડયા વગર ચાલે છે અને એટલે જ કદાચ ઉત્તમ રીતે ચાલે છે. આદરણીય માનભાઈ ભટ્ટને જન્મજયંતી નિમિત્તે કોટી કોટી વંદન.

**• પ્રા. ડૉ. રાઘુભાઈ દવે (ઈથાકા-ન્યુયોર્ક)**

જેમણે પોતાનું જીવન પોતે બનાવ્યું, જેમ બનતું ગયું તેમ જીવતા ગયા અને આગળનું જીવન સર્જન કરતાં ગયા તેવા પૂજ્ય ભાઈને યોગ્ય અંજલિ કે અર્ઘ્ય આપવાનાં શબ્દો શોધ્યા જડે તેમ નથી. એમણે જીવન જીવવાની રીત માત્ર ભાવનગર યા ગુજરાતને જ નથી બતાવી, પણ ભારતભરને બતાવી છે. એ કામ ઘણું અઘરું છે, પણ સમય ક્યાં ઓછો છે? તેમનાં જન્મદિવસે એ કામ આગળ ચલાવવાની જવાબદારી આપણી છે. શિશુવિહાર જેવી સંસ્થા જ આવું કરી શકે અને તેમને આપણો સહયોગ હોવો જ જોઈએ.

**• શ્રી નિકુલભાઈ મહેતા (ભાવનગર)**

જન્મજયંતી નિમિત્તે હૃદયસ્થ વિભૂતિને પ્રણામ. ભાવનગરના માનશંકરભાઈ ભટ્ટ એટલે ભાવનગર અને ગુજરાત તેમને માનભાઈ ભટ્ટ નામથી ઓળખે છે. શિશુવિહારના સ્થાપક, રક્તદાન અને દેહદાનની પ્રવૃત્તિઓને ઉત્તેજન આપનાર એ જ માનભાઈ. જેમણે અનેક લોકોને શિશુવિહારમાં રમવાં, કસરત કરવાં, અનેકવિધ કલા-ભાષા સહિત પ્રવૃત્તિઓ શીખવાની તક પૂરી પાડી. જાણીતાં લેખિકા સ્વ.મીરાંબહેન ભટ્ટે તેમના મામાજી માનભાઈ ભટ્ટ વિશે ‘હાથે લોઢું હૈયે મીણ’ પુસ્તકમાં તેમના જીવનનો વિગતવાર પરિચય આપ્યો છે. માનભાઈનો જન્મ ૧૯૦૮ની ૨૮મી ઑગસ્ટે અને હિન્દુ તિથિ મુજબ શ્રાવણ માસની અમાસે તળાજામાં થયો હતો. તેમના સહિત ત્રણ ભાંડરડાં, મોટા અનુપબહેન, વચેટ માનભાઈ અને ત્રીજા પ્રેમશંકર. માનભાઈનું હુલામણું નામ બાબુ. પિતા નરભેશંકર અને માતા માણેકબા. પિતાની ફોજદાર તરીકે રાજ્યમાં નોકરી. ઉછેર દાદાજી અંબાશંકર ભટ્ટના હાથે થયો. એ જમાનામાં પણ દાદાજી આદેશ છોડવાના બદલે મિત્રવત વર્તન પૌત્ર-પૌત્રી સાથે કરતા. આથી કદાચ માવિહોણા, પિતાથી જુદાં, તો પણ દાદાજીની નિશાળમાં ભણ્યા, સંસ્કૃત, ગુજરાતી, બંગાળી અને ફારસી શીખ્યા. દાદાજીએ પૌત્રોને તરતા પણ શીખવ્યું. જ્ઞાન પણ આપ્યું. બાબુ પાસે સત્યપ્રકાશ બે વખત વંચાવેલું. સાત વર્ષની વયે આ ત્રણેય ભાંડરડાને દાળ, ભાત, શાક, રોટલી, ખીચડી, ભાખરી રાંધતા આવડી ગયેલું. નાનપણથી જ સ્વાશ્રય અને જાતમહેનતના સંસ્કાર આ ભાંડરડામાં પડી ગયા દાદાજીએ બાબુને દક્ષિણામૂર્તિમાં ભણવા મૂક્યો, તે પછી સનાતન ધર્મ સ્કૂલમાં પણ ભણવાની સાથે અવનવી ચીજો તૈયાર કરી તે કમાણી કરી લેતા મોટાં થયા પછી બાબુનું ક્રમશ: માનભાઈમાં રૂપાંતર થવા લાગ્યું. શિશુવિહારની સ્થાપના ૧૯૩૯માં કરેલી. વિક્રમ સંવત ૧૯૫૫ના નવા વર્ષે શિશુવિહારમાં હીંચકો નાખ્યો અને આ રીતે શિશુવિહારની શરૂઆત થઈ.

**• શ્રી કુસુમબહેન દવે (ઈથાકા, ન્યુયોર્ક)**

૧૫મી ઑગસ્ટનું ધ્વજવંદન અને સાંજે ક્રીડાંગણના બાળકોએ તૈયાર કરેલ ‘રાષ્ટ્રીય વંદના’ કાર્યક્રમ વિઝ્યુઅલથી માણ્યો. સરસ પ્રોગ્રામ જોવા મળ્યો. સ્ટેજ પણ ખૂબ સરસ દેખાય છે. શિશુવિહારની રોનક બદલાઈ ગઈ છે. સમાજ સેવાનાં કામ દ્વારા અત્યારની પરિસ્થિતિમાંથી બાળકોને બહાર કાઢી જીવનને હળવું બનાવી, જીવવાની કળા શીખવવાનું બીડું શિશુવિહારે ઝડપ્યું છે તે ખરેખર પ્રશંસાને પાત્ર છે. ટીમનાં બધાં જ સદસ્યોને ધન્યવાદ.

**• શ્રી અજયભાઈ સિસિલિયા (વાઘ-બકરી ફાઉન્ડેશન)**

શિશુવિહારની મુલાકાત એક અવસર બની રહી. ઈન્ડસ્ટ્રીઝનો બહોળો અનુભવ ધરાવતા લોકો સાથે વાતચીત કરવાની આ એક તક હતી. મેં શ્રી માનભાઈનું જીવન ચરિત્ર વાંચ્યું. કેટલો અસાધારણ માનવી, જે માનવીય ગુણોથી ભરપૂર છે. લેખન પણ ખૂબ જ ચપળ છે અને વાચકને

મગ્ન રાખે છે. પુસ્તકમાં આપેલા ફોટાએ મને તેમના જીવનની કલ્પના કરવામાં મદદ કરી. શિશુવિહારને તેમના પ્રયાસોમાં સફળતા મળે અને વધુ ન્યાયી સમાજને પ્રોત્સાહન મળે તેવી શુભેચ્છા. તમારા આતિથ્ય માટે આભાર.

**• ડૉ. યજ્ઞેશભાઈ વ્યાસ (સુરત)**

શિશુવિહારની સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓના સમાચાર નિયમિત મળતા રહે છે જે મનને અત્યંત આનંદ અને સંતોષ આપે છે. મનમાં થાય કે ભગવાન કરે ને ગુજરાતમાં અનેક સ્થળે શિશુવિહાર જેવી સંસ્થા પ્રગટે. હરિ ઓમ.

**• શ્રી યશવંતભાઈ પડિયા (સિહોર)**

શિશુવિહાર સંસ્થાની વહીવટી સરળતા તથા ઉપયોગિતા સર્વત્ર વ્યાપ્ત છે. બુધસભાના ઉપક્રમે રઈશભાઈ મનીઆરની શિબિર ગોઠવીને વધુ એક યશકલગી માણવા મળી છે. સાહેબનો Best Of Knowledge નો લાભ સાહિત્યકારો તથા ભાવકોને માણવા મળેલ છે. જેનું સદ્ભાગ્ય મને પણ પ્રાપ્ત થયું છે. ઉગતા સાહિત્યકારોને પણ ઉપયોગી થાય તેવું તલસ્પર્શી જ્ઞાન સરળતાથી આપવામાં આવેલ છે. આવા સારા કાર્યક્રમ સમયાંતરે યોજી. એક સારું પ્લેટફોર્મ સંસ્થા તરફથી આપવામાં આવે છે. ૮૩ વર્ષથી સંસ્થા દરેક ક્ષેત્રે પોતાનું યોગદાન આપે છે. સંસ્થાની ટીમની નિષ્ઠા તથા સહાકારની પ્રતીતિ કરાવે છે. કાર્યકરોનો સરળ સ્વભાવ તથા નિરાભિમાનીપણું વ્યવહાર સ્પર્શી ગયા. કાર્યક્રમમાં શ્રોતગણ તરીકે સાહિત્ય સ્નેહીઓનું સાંનિધ્ય માણવા મળેલ. આ ઉપરાંત સંગીતના કાર્યક્રમો પણ યોજીને ભાવેણાની કલાપ્રિય જનતાને લાભ અપાય છે ત્યારે સંસ્થાની સુવાસ સર્વત્ર પ્રસરે છે, અભિનંદન.

**• શ્રી રક્ષાબહેન ભટ્ટ (ભાવનગર)**

શિશુવિહાર બુધસભાના ઉપક્રમે યોજાયેલ ડૉ. રઈશ મનીઆરનાં ગીત-ગઝલ તાલીમ કાર્યક્રમમાં ભાગ લેતા અતિ આનંદ થયો. શુક્ર-શનિ તેમ પૂરાં બે દિવસનાં અનેકવિધ કાર્યક્રમો વચ્ચે પણ શ્રી રઈશભાઈની પ્રસન્નતા સહજતા અને તમામ તાલીમાર્થીઓ માટેનો સ્નેહ ઊડીને આંખે દેખાયો. શિશુવિહાર પરિસર અને વ્યવસ્થાને પણ સલામ.

**• શ્રી શબનમબહેન કપાસી(ટ્રુશેપ પ્રિસીજન કાસ્ટિંગ્સ પ્રા.લિમિટેડ, ભાવનગર)**

કાગળ અને પ્રિન્ટિંગનાં વધતા ભાવ વચ્ચે ૪૫૦૦ કૉપીમાં પ્રકાશિત શિશુવિહાર સામયિકને સતત ૯૨૮ અંક સુધી વહેતુ રાખવું તે એક અદ્ભૂત



ઉપલબ્ધિ બને છે. અમારી ઈન્ડસ્ટ્રિઝની શુભેચ્છાઓ અને જાહેરખબર પેટે સહાય સ્વીકારવા વિનંતી.

**• પ્રા. મનુભાઈ શાહ (વડોદરા)**

શિશુવિહાર બાલમંદિરનાં બાળકોને મારાં ૯૦માં જન્મદિવસે આશીર્વાદ તથા ભોજન પીરસજો. ગરીબ બાળકો અને બહેનોની સેવામાં શિશુવિહારનો નિ:સ્વાર્થ ભાવ સાચો ધર્મ બને છે. પર્વાધિરાજ પર્યુષણ માસે અમારા જય જિનેન્દ્ર.

**• શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ (અધ્યક્ષ-સુર સંગમ, ભાવનગર)**

શિશુવિહાર ટીમનું પ્રદાન ઘણુ મોટું છે. આજે પૂ. માન ભાઈ હયાત હોત તો સહુની પીઠ થાબડતા. શિશુવિહાર એટલે અબાલ વૃદ્ધો સૌ માટે વિવિધ પ્રવૃતિઓથી ભરી ભરી સંસ્થા. હવે શિશુવિહારનું કલેવર બદલાયેલું વધુ ધમધમતું જણાય છે, પ્રવૃતિઓમાં નાવિન્ય, વધુ કાર્યદક્ષતા, અભિનંદનને પાત્ર છે.

**• શ્રી પરેશભાઈ પંડયા (પી.આર. ઑફિસર, ઍક્સેલ)**

શિશુવિહારમાં ભણતર થયું અને ક્રીડાંગણમાં તાલીમ પણ લીધી. નાનકભાઈ સાથે ઍક્સેલમાં કામ કરવા મળ્યું. અમારી સ્કાઉટ તાલીમમાં પણ એક નવતર અભિગમ રહ્યો, જે શિશુવિહારમાં પણ જોવા મળે છે.

**• શ્રી દીપકભાઈ ભટ્ટ (એચ.ઓ.ડી., વર્કશોપ વિભાગ, ઍક્સેલ)**

શિશુવિહાર સંસ્થા સાથે બાળપણથી જ પરિચય, કારણ કે ત્યાં રમવા જતા. નાનકભાઈનો પરિચય તેઓ એક્સેલમાં જોડાયા પછી થયો. એ વખતે જેમ બીજા યુવાન એક્સલાઈટ મિત્રો હતા. તેમાં નાનકભાઈ પણ હતા. ૧૯૮૦માં મારા પાડોશી મિત્રના પિતાશ્રી મને શિશુવિહારમાં એક આધ્યાત્મિક પ્રવચન સાંભળવા લઈ ગયા જે શિશુવિહારની ઘણી બધી પ્રવૃત્તિનો એક વિભાગ દિવ્યજીવન સંઘ દ્વારા ચલાવવામાં આવતી. આથી મને અમરનાથ યાત્રા કરવા મળી હતી. શિશુવિહાર સંસ્થા મેલકડી ગામના વિકાસના કાર્ય કરતી આથી જોડાયેલો હતો, જે યાદ આજે પણ તાજી છે. શિશુવિહારની દિવ્યજીવનની પ્રવૃત્તિ થકી મને ઋષિકેશ જવાની પ્રેરણા મળેલી, જે મારા માટે જીવનનો બદલાવ બની. શિશુવિહારની સેવાને વંદન.

**• શ્રી નવીનભાઈ મહેતા (કેમિકલ ઈન્જિનિયર, ઍક્સેલ)**

જ્યારથી ઍક્સેલમાં જોડાયો ત્યારથી શિશુવિહારનાં સંપર્કમાં આવવાનું થયું. પ્લોટ નંબર ૭૪માં સ્કાઉટ હટ બનાવવામાં આવેલ હતી. આજુબાજુની જગ્યા સાફ કરી ત્યાં વ્યાયામ, સ્કાઉટની રમતો અને ગીતો ગવાતાં તેમ જ પ્રેરક પ્રવચનો થતા. પૂજ્ય કાંતિસેનભાઈ પણ ‘સ્કાઉટ

હટ'ની મુલાકાતે આવતા. સુંદર માહોલ હતો શિસ્તબદ્ધ રીતે તાલીમ આપવામાં આવતી. શ્રી નાનકભાઈની સાથે શ્રી મહર્ષિભાઈ મહેતા પણ રહેતા હતા. પૂજ્ય કાકાની સાથે રહી ઘણા સામાજિક સેવાના કાર્યો ઍકસેલની શરૂઆતના પાયાના માણસોમાં ઍકસેલ કલ્ચર ડેવલપ કરવામાં શિશુવિહારનો સહયોગ આશાસ્પદ રહ્યો. શિશુવિહારની વિવિધ પ્રવૃત્તિ પૈકી 'રોડ સેફટી'ના કેલેન્ડર બાળકો પાસે ચિત્ર સ્પર્ધા બનાવી તેમાંથી સિલેક્ટ કરી કેલેન્ડર બનાવવાનું શરૂ કર્યુ ત્યારે નિર્ણાયકોમાં મને તક આપેલ હતી. કાવ્યનો શોખ હોવાથી બુધવારની કાવ્યસભામાં પણ જતો હતો ત્યારે પણ મિત્રોનો સાથ મળતો. ભાવનગરનાં આંગણે શિશુવિહાર જાણે સેવાનું પરબ બન્યું છે.

**• શ્રી અતુલભાઈ ઉનાગર (મુખ્ય સંયોજક, આનંદાલય)**

શિક્ષક દિન નિમિત્તે શિશુવિહાર સંસ્થામાં યોજાયેલ 'વર્તનથી પરિવર્તન કાર્યશાળા' એક સફળ પ્રયોગ રહ્યો. તારીખ ૪ સપ્ટેમ્બરે બપોરે ૨ થી ૬ દરમિયાન ગુજરાતનાં ૩૩ જિલ્લાઓમાં એક સાથે મળેલ બેઠકમાં ૬૫૪ શિક્ષકો સામેલ થયા અને બેઠકના અનુક્રમે શિક્ષક તરીકેના વર્તનમાં પરિવર્તનની વ્યક્તિગત સમર્પિતતા દર્શાવી જે ઐતિહાસિક બની રહી. શિક્ષક દ્વારા શિક્ષણ વિકાસના અભિનવ પ્રયોગને ભાવનગરના આંગણે વિસ્તારવા માટે શિશુવિહાર સંસ્થાનો આભાર.

**• શ્રી નિકુલભાઈ મહેતા (પૂર્વ સિનિયર મેનેજર, ઍકસેલ ઈન્ડસ્ટ્રિઝ)**

શ્રી નાનકભાઈ અને શિશુવિહાર આ બંનેની ઓળખાણ ભાવનગર શહેરમાં જાણીતા છે. પૂ. માનભાઈએ શિશુવિહારને ભાવનગરના છેવાડાના માનવી સુધી વિવિધ તબક્કે સવલત આપી અને નાનકભાઈએ તેમનો વિસ્તાર કરી ગુજરાત રાજ્યમાં આગું સ્થાન કર્યું છે. બાળકોનો વિકાસ અને પાયાનું ભણતર સાથે ગણતરનું નિર્માણ કર્યુ છે. રિલાયન્સ સરસ નોકરી મૂકીને આ સમાજનું ગૌરવ આપનાર કામ કરી રહ્યા છે. હમણા શ્રી અમિતભાઈ શાહના હસ્તક ઍવોર્ડ એનાયત કરાયો હતો જે ગૌરવ લેવા જેવી વાત છે. હજુ પણ શિશુવિહારને દેશમાં નામનાં મેળવે તેવી શુભેચ્છા.

## • વર્ષ ૨૦૦૧-૨૨માં શિશુવિહારની •
## આરોગ્ય પ્રવૃત્તિથી લાભાન્વિત થએલ ૧,૭૦,૧૮૫ નાગરિકો

'દર્દી દેવોભવ'ની સેવાવૃત્તિથી શિશુવિહાર સંસ્થામાં વર્ષ ૧૯૬૮થી પ્રારંભાએલ નેત્રયજ્ઞ થકી વર્ષ ૨૦૦૧-૨૨માં યોજાએલ નેત્રયજ્ઞમાં ૬૬૮૫૬ દરદીઓની આંખ તપાસ તથા ૧૦૩૪૮ દરદીઓની વિનામૂલ્યે કેટ્રેક, જામર,વેલ પ્રકારના આંખના રોગની સર્જરી કરવામાં આવે છે. શિવાનંદ આઈ હોસ્પિટલ વીરનગરના સહકારથી યોજાએલ કુલ ૪૫૦ નેત્રયજ્ઞો થકી ભાવનગર



જીલ્લાના ગરીબ પરિવારોને ઉમદા સેવા મળી રહી છે.

વર્ષ ૨૦૦૧-૨૨માં શિશુવિહાર સંસ્થા દ્વારા શહેરના કુંભારવાડા, નારી પ્રકારે ૨૮ પછાત વિસ્તારોમાં શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરીટેબલ ટ્રસ્ટના અનુદાનથી અત્યાર સુધીમાં ૩૩૦ કેમ્પો યોજાયા છે. ઑફથલ્મિક નિષ્ણાતો તથા કેરોટોમીટર સાધનની સેવા થકી ગત ૨૬૪ માસમાં ૩૨૦૭૩ વયસ્કોની આંખ તપાસ અને બાદમાં જરૂરિયાત અનુસાર ચશ્માનું વિતરણ કરવામાં આવેલ છે.

નિરમા ઉદ્યોગના સહકાથી ભાલ કાંઠાના ૧૨ ગામડાંઓમાં આરોગ્ય શિબિરો યોજાઈ છે. ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી તથા તેમની સહાયક ટીમના સહકારથી વર્ષ ૨૦૧૫થી ૪૩ ગ્રામ આરોગ્ય શિબિરો દ્વારા ૮૯૧૧ દરદીઓની તપાસ તેમજ સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ભાવનગરના કાઠાં વિસ્તારનાં અત્યંત પછાત ૧૨ ગામડાંઓમાં એગ્રોસેલ ઈન્ડસ્ટ્રિઝના સહકારથી ૨૦૧૮થી યોજાયેલ આરોગ્ય શિબિર દ્વારા ૨૨૦૮ વિદ્યાર્થીઓને લોહીમાં હિમોગ્લોબિન તપાસ અને જરૂરિયાત મુજબ દવા તેમજ ૬૪૦ વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ, દૃષ્ટિ ચકાસણી અને જરૂરિયાત અનુસાર દવા-ચશ્માં આપવામાં આવેલ છે.

શ્રી સુશિલાબહેન રમણિકલાલ મહેતા આરોગ્ય સેન્ટરમાં વર્ષ ૨૦૧૯થી ૨૦૨૨ સુધી ૨૫,૪૩૪ દર્દીઓએ તપાસ તેમજ એલોપથી દવાનો લાભ લીધો.

શહેર નગરપાલિકાની ૫૫ પ્રાથમિક શાળાઓમાં પ્રતિવર્ષ યોજાતા દ્રષ્ટિ ચકાસણી શિબિર તથા ધોરણ ૭-૮ ની વિદ્યાર્થીનીઓના હિમોગ્લોબીન તપાસ કાર્યક્રમ દ્વારા પ્રવર્તમાન શૈક્ષણિક સત્રમાં ૯૨૨૨ બાળકોના લોહીમાં હિમોગ્લોબીન તપાસ તેમજ ભાવનગર સિવિલ હોસ્પિટલના સહકારથી ૭૯૬ શિબિરો થકી ૧૨૦૧૫ વિદ્યાર્થીઓને જરૂરિયાત અનુસાર નંબરના ચશ્માં વિનામૂલ્યે પહોંચાડવામાં આવ્યા છે. ઉપરાંત ઍકસેલ ક્રોપકેર ઉદ્યોગની સી.એસ.આર. એક્ટિવીટી તરીકે લાભાન્વિત બાળકોના સ્વાસ્થ્યમાં આવેલ સુધારો નોંધપાત્ર બને છે. સવિશેષ ગુજરાતની જાણીતી ચા-વાઘ બકરી ફાઉન્ડેશન દ્વારા વર્ષ ૨૦૨૨થી શહેરનાં બાળકોની આરોગ્ય તપાસ પ્રારંભાઈ છે, જે આશાસ્પદ બને છે.

શહેરની ૩૧૬ આંગણવાડીમાં તાલીમ લેવા આવતા ભુલકાંઓ પૈકી અતિ-કુપોષિત ૭૨૫ બાળકોને વર્ષ ૨૦૧૪-૨૦ દરમિયાન હૈદ્રાબાદ મિક્ષ્ચર (સુખડી)ના ૫,૬૬,૫૩૯ પેકેટોનું વિતરણ કરવામાં આવેલ છે. ભાવનગરની જાણીતી મધુસીલિકા પ્રા. લિમિટેડનાં સહકારથી પ્રારંભાએલ પ્રવૃત્તિ થકી ૧૭૫૩ કુ-પોષિત બાળકો સામાન્ય થયા છે. આયોજનબધ્ધ રીતે આંગણવાડીના કુ-પોષિત બાળકો સુધી પહોંચતાં વર્ષ ૨૦૧૪-૨૦ માં ૬૨.૪૮% બાળકો અતિ કુ-પોષિત સ્થિતિમાંથી બહાર આવ્યાં છે, જેને રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ પણ અનુકરણીય જણાવ્યુ છે.

# શિવાનંદ આઇ હોસ્પિટલ વીરનગરનાં સહયોગથી વર્ષ ૨૦૨૩માં યોજાનાર નેત્રયજ્ઞનું સુચિત આયોજન

**શિશુવિહારનાં સંસ્થાનાં ઉપક્રમે વર્ષ ૨૦૨૩ યોજાનાર પ્રભુકૃપા નેત્રયજ્ઞની વિગત**

| કેમ્પ ક્રમ | તારીખ માસ | કેમ્પ સ્થળ: ભાવનગર<br>સૌજન્ય દાતાનું નામ |
|---|---|---|
| ૪૫૪ | ૨૭ જાન્યુઆરી | સ્વ.નાનાલાલની સ્મૃતિમાં<br>હ.શ્રી જયંતભાઈ વનાણી |
| ૪૫૫ | ૨૭ જાન્યુઆરી | સ્વ.નાનાલાલની સ્મૃતિમાં<br>હ.શ્રી જયંતભાઈ વનાણી |
| ૪૫૬ | ૨૪ ફેબ્રુઆરી | સ્વ. હીરાલક્ષ્મી મહેતાની સ્મૃતિમાં<br>હ. શ્રી માલવિકાબહેન મહેતા<br>અમિતભાઈ ભટ્ટ |
| ૪૫૭ | ૨૪ ફેબ્રુઆરી | સ્વ.જુબેદાબહેન વલીની સ્મૃતિમાં<br>હ.શ્રી શબનમબહેન કે. કપાસી |
| ૪૫૮ | ૨૪ માર્ચ | શ્રી જયદેવભાઇ દીપકભાઇ ઉનડકટ |
| ૪૫૯ | ૨૪ માર્ચ | સ્વ.કુસુમબહેન પંડ્યાની સ્મૃતિમાં<br>હ.શ્રી વંદનાબહેન યશવંતભાઈ પંડયા |
| ૪૬૦ | ૨૮ એપ્રિલ | વડીલોની સ્મૃતિમાં<br>હ.શ્રી ભાવનાબેન જાગૃતભાઇ ભટ્ટ |
| ૪૬૧ | ૨૮ એપ્રિલ | સ્વ.ચંદ્રશંકરભાઇ મહેતાના સ્મરણાર્થે<br>હ. શ્રી માલવીકાબહેન મહેતા,<br>અમિતભાઇ ભટ્ટ |
| ૪૬૨ | ૨૬ મે | સ્વ.તારાબેન વડોદરીયાની સ્મૃતિમાં<br>હસ્તે શ્રી ગુણવંતરાય વડોદરીયા |
| ૪૬૩ | ૨૬ મે | ........................ |
| ૪૬૪ | ૨૩ જૂન | શ્રી હિંમતલાલ ઠક્કર |
| ૪૬૫ | ૨૩ જૂન | ........................ |
| ૪૬૬ | ૨૮ જુલાઈ | સ્વ. કનુભાઈ શાહની સ્મૃતિમાં<br>હસ્તે શ્રી સુધાબહેન શાહ |
| ૪૬૭ | ૨૮ જુલાઈ | ........................ |
| ૪૬૮ | ૨૫ ઑગસ્ટ | સ્વ. સુરેશભાઇ બુચની સ્મૃતિમાં<br>હ. હર્ષિદાબહેન સુરેશભાઈ બુચ |
| ૪૬૯ | ૨૫ ઑગસ્ટ | શ્રી રાજેશભાઇ ભટ્ટ પરિવાર |
| ૪૭૦ | ૨૨ સપ્ટેમ્બર | સુભાગી ચેરીટેબલ ટ્રસ્ટ<br>હસ્તે:સુનિલભાઇ જે પારેખ |
| ૪૭૧ | ૨૨ સપ્ટેમ્બર | ........................ |
| ૪૭૨ | ૨૭ ઑક્ટોબર | ........................ |
| ૪૭૩ | ૨૭ ઑક્ટોબર | શ્રીમતી જશકોરબહેન ન્યાલચંદભાઇ વકીલ<br>હ.સ્વ. નિર્મળભાઈ વકીલ,<br>શ્રી ભરતભાઈ વકીલ |
| ૪૭૪ | ૨૪ નવેમ્બર | સ્વ. ભાગીરથીબહેની સ્મૃતિમાં<br>હ. ડૉ. કે. એમ. આચાર્ય |
| ૪૭૫ | ૨૪ નવેમ્બર | ........................ |
| ૪૭૬ | ૨૨ ડિસેમ્બર | સ્વ. ગુણવંતભાઈની સ્મૃતિમાં<br>હ. શ્રી સુનિલભાઈ વડોદરિયા |
| ૪૭૭ | ૨૨ ડિસેમ્બર | શ્રી અશ્વિનભાઇ ભટ્ટ |

**નોંધઃ ........... દર્શાવેલ મહિનામાં દાતાશ્રીને શિબિર દીઠ રૂ.૨૦,૦૦૦/- આપી નેત્રયજ્ઞ નોંધાવવા સંસ્થાની વિનંતી છે.**

**વર્ષ ૨૦૨૩માં યોજાનાર નેત્રયજ્ઞ માટે શિબિર દીઠ ૨૦,૦૦૦/- આપી સહયોગ આપનાર દાતાશ્રીઓની સેવાવૃત્તિને બીરદાવતા શિશુવિહાર સંસ્થા આભાર માને છે.**

**સંપર્ક**

**શ્રી હીનાબહેન ભટ્ટ - મો. ૯૮૨૪૫૧૫૯૯૫**






# પ્રકાશન સહાય પેટે જાહેરાત આપવા વિનંતી




વર્ષ ૧૯૪૪થી સતત ૯૨૭ માસથી પ્રકાશિત શિશુવિહાર સામયિક દર મહિને ૪૫૦૦ ગુજરાતી કુટુંબો સુધી માનવ મૂલ્ય તરીકે સમાજમાં સદકાર્યની સુવાસ વિસ્તરે છે. ૩૨ પાનાનાં સંસ્થાના અહેવાલની ડિજિટલ આવૃતિ પણ વાચકો સુધી પહોંચાડીએ છીએ આમ છતાં, વધતા જતા કાગળ અને છાપકામનાં ભાવનાં લીધે હવે સંસ્થા સામયિકનાં પાના નં ૩૧ ઉપર સૌજન્ય જાહેરાત પ્રકાશિત કરવા આયોજન છે.

આપશ્રી આપના ઉદ્યોગ, ઑફિસ, કન્સનની ૧૭ × ૧૧ સેમી, 4 Colour માં જાહેરાત કંપોઝ કરી મેઈલ એડ્રેસ shishuviharbhavnagar@gmail.com ઉપર મોકલી આપશો તો આભારી થઈશું. આપશ્રીને પણ Advertisement Expense તરીકે શિશુવિહાર સંસ્થા રૂ. ૨૫,૦૦૦/- ની રસિદ આપશે, જે આપને ખર્ચમાં 100% બાદ મળવા પાત્ર રહેશે. સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ માટે આપનો આર્થિક સહયોગ મળે છે ત્યારે આપશ્રીને સામયિકના સ્પોન્સર તરીકે રૂ. ૨૫,૦૦૦/- ની જાહેરાત આપવા વિનંતી છે. આભાર સહ

તંત્રી : ડૉ. નાનક ભટ્ટ
મો. ૯૮૯૮૪૬૩૪૮૯




**આંતરરાષ્ટ્રીય ક્રિકેટર**

**શ્રી જયદેવભાઈ દીપકભાઈ ઉનડકટ**

**(પોરબંદર)**

REGN.No.BVHO/46/2022-2024 • RENEWED UPTO Dt.31/12/2024
RNI REGISTRATION No. GUJGUJ/2009/30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,

12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021

80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021

PAN No.: AACTS4389Q

CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021

બેંકની વિગતો

નામ: '**શિશુવિહાર**'

SBI નેટબેન્કિંગ અકાઉન્ટ નંબર: 32899173982

IFS Code: SBIN0060009

UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY

UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

Shishuvihar Bhavnagar | Shishuvihar Bhavnagar

Shishuvihar | Shishuvihar

---

**પરામર્શ સમિતિ**

સર્વશ્રી ઈન્દિરાબહેન ભટ્ટ, અનિલભાઈ બોરીચા, દક્ષાબહેન ગોહેલ, મનિષા કણબી, ભાવનાબહેન પંડયા

To. ____________________

PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAK M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR (GUJARAT) AND PRINTED AT VANSHIKA FORMS, F-12, SANGHVI PLASTIC COM., B/H. BOMBAY SHUTTLE, TEKARI CHOWK, RUVAPARI ROAD, BHAVNAGAR, PIN: 364001. (GUJARAT) INDIA